અમરેલીમાં સિંહની પાછળ કાર દોડાવતો વિડીયો ફરતો થયો

સિંહપ્રેમીઓમાં રોષની લાગણી ફેલાઇ

DCFએ આપ્યા તપાસના આદેશ

રાજકોટ : એશિયાટિક સિંહોનું ગઢ ગણાતા અમરેલી જિલ્લામાં સિંહોની હાલત અત્યંત દયનીય બની રહી હોય તેવા દૃશ્યો સામે આવ્યા છે. વન્યજીવોના રક્ષણના દાવાઓ વચ્ચે સોશિયલ મીડિયા પર સિંહ પજવણીનો એક અત્યંત શરમજનક વીડિયો વાઈરલ થયો છે, જેમાં કેટલાક શખસો સિંહ પાછળ બેફામ રીતે કાર દોડાવી રહ્યા છે.

વાઈરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, રાત્રિના સમયે રેવન્યુ વિસ્તારના માર્ગ પર એક સિંહ જઈ રહ્યો છે. આ દરમિયાન સિંહની પાછળ એક કારમાં સવાર શખસો હેડલાઈટના પ્રકાશે તેની પાછળ ક્રૂરતાપૂર્વક ગાડી દોડાવે છે. ડરેલો સિંહ જીવ બચાવવા રસ્તા પર દોડતો જોવા મળે છે. સિંહની આ હાલત જોઈને પ્રકૃતિપ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો કહી રહ્યા છે કે, ગીરના રાજાની હાલત અત્યારે શ્વાન કરતાં પણ બદતર બની ગઈ હોય તેવું આ વીડિયો પરથી જણાય છે. પ્રાથમિક અનુમાન મુજબ આ વીડિયો અમરેલી જિલ્લાના કોઈ ગ્રામ્ય (રેવન્યુ) વિસ્તારનો છે. વીડિયોમાં દેખાય છે કે, સિંહને પજવવા માટે તેની અત્યંત નજીક કાર લઈ જઈ તેને ભગાડવામાં આવ્યો. ધારી ગીર પૂર્વના DCF (ડિપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ) દ્વારા આ મામલાની ગંભીર નોંધ લેવામાં આવી છે અને તપાસના આદેશો આપી દેવામાં આવ્યા છે. ધારી ગીર પૂર્વ ડિવિઝન ડીસીએફ વિકાસ યાદવે જણાવ્યું હતું કે, જે વીડિયો સોશિયલ મીડિયામા વાઈરલ થયો છે તે ક્યા વિસ્તારનો છે તે તપાસ કરી રહ્યા છીએ. પરંતુ, આ પ્રકારના વીડિયો કોણે ઉતાર્યો અને કોણે વાઈરલ કર્યો તે માટે સાયબર સેલથી જાણી શકાય એમ છે. આના માટે વનવિભાગને સાયબર સેલની ટ્રેનિંગ આપવાની જરૂર છે. આ પ્રકારના વીડિયો સોશિયલ મીડિયાના અનેક એકાઉન્ટમાં અપલોડ કરેલા હોય છે, જેથી હવે વનવિભાગમાં પણ સાયબરસેલની મદદની જરૂર છે. અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા સૌથી વધુ છે, પરંતુ તેની સાથે જ પજવણીના બનાવોમાં પણ તોતિંગ વધારો થયો છે. વન વિભાગ દ્વારા અવાર નવાર કડક કાર્યવાહીની વાતો કરવામાં આવે છે, તેમ છતાં ટીખળખોરોમાં કાયદાનો કોઈ ડર રહ્યો હોય તેમ લાગતું નથી. આ વીડિયો વન વિભાગની સુરક્ષા વ્યવસ્થા સામે સીધો પડકાર ફેંકી રહ્યો છે. ત્યારે વનવિભાગે ઉચ્ચ કક્ષાએથી તપાસના આદેશ આપ્યા છે. જુનાગઢના CF રામ રતન નાલા દ્વારા તપાસનીય ટીમ બનાવવામાં આવી છે. જે નીચે મુજબ છે.

ગુજરાતમાં 5 લાખથી વધુ દીકરીઓને HPVનો પ્રથમ ડોઝ અપાયો

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાનો 14 વર્ષની દીકરીઓને મફત રસી લેવા અનુરોધ

CHC, PHC અને UPHC કેન્દ્રો પર ઉપલબ્ધ છે વેક્સિન

બારડોલી : ગુજરાતમાં મહિલાઓમાં થતા સર્વાઈકલ કેન્સર સામે દીકરીઓને સુરક્ષિત કરવા માટે 'HPV રસીકરણ અભિયાન' ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્યની પાંચ લાખથી વધુ દીકરીઓને HPV રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે ગુજરાતે નિર્ધારિત લક્ષ્યાંકના 90 ટકા પૂર્ણ કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલું આ રાષ્ટ્રવ્યાપી અભિયાન ગુજરાતમાં સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે. આ રસીકરણ અભિયાનમાં ગંભીર આડઅસરનો એક પણ કિસ્સો નોંધાયો નથી, જે રસીની 100 ટકા સુરક્ષા સાબિત કરે છે. 14 વર્ષની તમામ દીકરીઓ માટે આ રસી રાજ્યની તમામ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો, જિલ્લા હોસ્પિટલો, સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલો, તેમજ CHC, PHC અને UPHC કેન્દ્રો પર ઉપલબ્ધ છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ રાજ્યના તમામ માતા-પિતાને અપીલ કરી છે કે, મે મહિનાના અંત સુધી ચાલનારા આ અભિયાનનો લાભ લેવાનો બાકી હોય તેવી 14 વર્ષની વય ધરાવતી દીકરીઓને તાત્કાલિક નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર પરથી રસી અપાવે. તેમણે સોશિયલ મીડિયા પર ફેલાતી વૈજ્ઞાનિક તથ્ય વગરની ભ્રામક અફવાઓથી દૂર રહેવા અને દીકરીઓના સુરક્ષિત ભવિષ્ય માટે આ રસીકરણ અભિયાનમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. આ વેક્સિનના કારણે સર્વાઈકલ કેન્સર સામે લડવામાં મદદ મળે જેથી આ રસી લેવા માટે કિશોરીઓમાં રસ જોવા મળી રહ્યો છે.

લોકો જ નહીં પશુ-પક્ષીઓ પણ બને છે હિટસ્ટ્રોકનો શિકાર

રાજકોટમાં આકરી ગરમીના કારણે રોજના 100 કેસ

અબોલ જીવના મૃત્યુદરમાં પણ 20 ટકાનો વધારો

રાજકોટ : ગુજરાતમાં અન્ય શહેરોની સરખામણીમાં રાજકોટમાં વધુ ગરમી નોંધાઈ રહી છે. એપ્રિલના છેલ્લા પખવાડીયામાં રાજકોટમાં ગરમીનો પારો 42 ડિગ્રી આસપાસ નોંધાતો હતો. આકરી ગરમીના કારણે લોકોની માફક પશુ-પંખીઓ પણ હિટસ્ટ્રોકનો શિકાર બનતા હોવાનું સામે આવ્યું છે. આકરી ગરમીના કારણે નાના પશુ-પક્ષીઓ બેભાન થઈ જતા હોવાના કિસ્સા વધ્યા છે. રાજકોટમાં કાર્યરત એનિમલ હોસ્પિટલમાં દરરોડના 100 જેટલા કેસ નોંધાઈ રહ્યા છે. આકરી ગરમીના કારણે પશુ-પંખીના મૃત્યુદરમાં પણ 20 ટકા જેવો વધારો નોંધાયો છે.

રાજકોટના એક વેટરનિટી ડોક્ટરના જણાવ્યા અનુસાર છેલ્લા વર્ષો કરતા આ વર્ષે ગરમીનો પારો ખુબ વધી રહ્યો છે અને તેની અસર પશુ પક્ષીઓ ઉપર પણ જોવા મળી રહી છે. અત્યારે દરરોજ સરેરાશ 100 જેટલા પશુ પક્ષીઓ ડિહાઈડ્રેશન અને હીટસ્ટ્રોકના કારણે અશક્ત અવસ્થામાં મળી આવે છે. જેમાં બપોરના સમયે આકાશમાં ઉડતા પક્ષીઓ અચાનક પાણીની ઉણપને કારણે જમીન પર પટકાતા હોય છે. સાંજ પડતા પડતા ઘરની બાલ્કની, ધાબા કે રસ્તા પર પક્ષીઓને બેભાન અવસ્થામાં જોવા મળતા હોય છે. ખાસ કરીને કબૂતર, ચકલી, પોપટ, કાબર અને હોલા જેવા નાના પક્ષીઓમાં આ પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે એ જ રીતે શ્વાન, સસલું, બિલાડી, અને વાછરડું પણ હીટસ્ટ્રોક અને ડિહાઈડ્રેશનનો ભોગ બને છે. રસ્તા પર રખડતા શ્વાન અને ગાયના શરીરનું તાપમાન પણ 108 ડિગ્રીને પાર જોવા મળતું હોય છે. ગંભીર કિસ્સાઓમાં શ્વાનને બે થી ત્રણ દિવસ સુધી સતત બાટલા ચડાવવાની પણ ફરજ પડે છે. અસહ્ય ગરમીને કારણે હીટસ્ટ્રોકની ઝપટમાં આવેલા પક્ષીઓ પર કોઈની નજર પડે નહીં અને સારવારમાં બે-ત્રણ કલાકનો વિલંબ થઈ જાય તો તે મૃત્યુ પણ પામે છે. હાલ ઉનાળામાં આવા કારણોસર પક્ષીઓનો મૃત્યુદર વધીને 20% સુધી પહોંચી ગયો છે. તેમને વધુમાં જણાવ્યું હતું કે, હાલ જે રીતે ગરમી પડી રહી છે અને આગળ પણ હજુ હીટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે ત્યારે પાણી અને છાંયડાના અભાવે અબોલ જીવો જીવ ગુમાવી રહ્યા છે માટે લોકોને અપીલ છે કે, ઘરની બહાર કે અગાસી પર પક્ષીઓ માટે પાણીના કુંડા અચૂક રાખવા જોઈએ. શ્વાન માટે છાંયડાની વ્યવસ્થા કરવી જોઈએ અને પૂરતું પાણી ઉપલબ્ધ કરવું જોઈએ જેથી માણસની જેમ પશુ પક્ષીઓ પણ ડીહાઈડ્રેશનની બીમારીથી બચી શકે.

ગાંધીનગર કોંગ્રેસના 20 કાર્યકર 6 વર્ષ માટે સસ્પેન્ડ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મળેલી હાર પછી કોંગ્રેસ એક્શન મોડમાં

અમદાવાદ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 2026માં નિરાશાજનક દેખાવ બાદ પ્રદેશ કોંગ્રેસમાં આંતરિક અસંતોષ સપાટી પર આવ્યો છે. ગાંધીનગરમાં કોંગ્રેસના પરાજય બાદ જિલ્લા કોંગ્રેસ સમિતિએ પક્ષ વિરોધી પ્રવૃત્તિના આરોપસર 20 જેટલા પદાધિકારીઓ અને કાર્યકરો સામે કડક

કાર્યવાહી હાથ ધરી પક્ષના પ્રાથમિક સભ્યપદેથી આગામી 6 વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર કોંગ્રેસના પ્રમુખ અરવિંદસિંહ સોલંકી દ્વારા જાહેર કરાયેલી યાદીમાં જણાવાયું છે કે સંબંધિત સભ્યોએ પક્ષના અધિકૃત ઉમેદવારોને નુકસાન પહોંચાડે તેવી પ્રવૃત્તિઓ કરી હતી. આ આરોપોને આધારે તેમને પક્ષના પ્રાથમિક સભ્યપદેથી આગામી 6 વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

સસ્પેન્ડ થયેલા કાર્યકરોમાં દહેગામ, માણસા અને કલોલ વિસ્તારના અગ્રણીઓનો સમાવેશ થાય છે. જિલ્લા કોંગ્રેસ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયથી સ્થાનિક સ્તરે રાજકીય ચર્ચાઓ તેજ બની છે.

સ્થાનિક ચૂંટણીમાં કોંગ્રેસના નબળા પ્રદર્શન બાદ હવે પક્ષની અંદર સંગઠનની સ્થિતિ અને નેતૃત્વને લઈને સવાલો ઊભા થઈ રહ્યા છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે હાર પાછળ સંગઠનાત્મક નબળાઈ અને કાર્યકરો સાથે સંકલનનો અભાવ મુખ્ય કારણ બની રહ્યા છે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

મૂત્ર સાથે લોહી

કોઈ દેખીતી ઇજા વિના લોહી વહેવાને કારણે વ્યક્તિ માનસિક પરિતાપ અનુભવે છે. આ માટે ગોખરું, શતાવરી, શાલિપરણી, પ્રીશ્નપર્ણી, મુદ્ગપર્ણી અને માષપર્ણી સમભાગ લઇ, તેમાંથી પચાસ ગ્રામ ભૂકો લઇ તેને આઠસો ગ્રામ પાણીમા ઉકાળી બસો ગ્રામ બાકી રહે ત્યારે ગાળી લઇ તેમા બસો ગ્રામ, ગાયનું દૂધ ભેળવી ઉકાળી ફક્ત 200 ગ્રામ દૂધ બાકી રહે ત્યારે ઉતારી, બે ભાગ કરી, સવાર સાંજ પીવું. ત્રણ અઠવાડિયા પ્રયોગ ચાલુ રાખો.

સમગ્ર રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો

43 ડિગ્રીમાં રાજકોટ રીતસર શેકાયું

સૌરાષ્ટ્ર અને કચ્છમાં છૂટાછવાયા વરસાદની આગાહી

અમદાવાદ : ગુજરાતમાં ઉનાળાની કાળઝાળ ગરમી યથાવત્ રહી છે. આજે રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 40 ડિગ્રીને પાર પહોંચ્યું હતું, જેમાં રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું. રાજકોટમાં આજે મહત્તમ 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ કહ્યું હતું કે છેલ્લા 24 કલાક દરમિયાન મધ્ય પાકિસ્તાન અને તેની આસપાસના પંજાબ તથા રાજસ્થાન વિસ્તારમાં ઉપરવાસી ચક્રવાતીય પરિસંચરણ યથાવત્ રહ્યું છે. સાથે જ દક્ષિણપૂર્વ અરબી સમુદ્ર અને લક્ષદ્વીપ નજીકથી દક્ષિણ પશ્ચિમ મધ્યપ્રદેશ સુધી ટ્રફ સક્રિય છે. રાજ્ય ઉપર નીચલા સ્તરે પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે.

હવામાન વિભાગ મુજબ આગામી 48 કલાક દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ત્યારબાદ તાપમાનમાં ધીમે ધીમે 2 થી 3 ડિગ્રીનો વધારો થઈ શકે છે. આગામી સાત દિવસ દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં તાપમાન 40 ડિગ્રીથી વધુ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.સાથે જ દરિયાકાંઠાના વિસ્તારો તેમજ સૌરાષ્ટ્ર-કચ્છમાં 9 થી 13 મે દરમિયાન ગરમ અને ભેજવાળા પવનોને કારણે ભારે ઉકળાટભર્યું વાતાવરણ રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે બનાસકાંઠા, વડોદરા અને સુરત સહિત ગુજરાતના કેટલાક જિલ્લાઓ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ અને કચ્છ જિલ્લામાં હીટવેવ જેવી પરિસ્થિતિ યથાવત્ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

બીજી તરફ આગામી 24 કલાકની અંદર એટલે કે તા.૪મી એપ્રિલ દરમિયાન કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજની પણ આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર -કચ્છના રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને બોટાદ જિલ્લામાં પણ ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ પડી શકે છે. દીવ વિસ્તારમાં પણ વરસાદી માહોલ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે આગામી 8 મે સુધી આકાશ અંશતઃ વાદળછાયું રહેવાની આગાહી કરી છે. શહેરમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

રાજકોટ	43 ડિગ્રી
અમરેલી	42 ડિગ્રી
સુરેન્દ્રનગર	41 ડિગ્રી
વડોદરા	41 ડિગ્રી
કંડલા એરપોર્ટ	41 ડિગ્રી
ભુજ	40 ડિગ્રી
અમદાવાદ	40 ડિગ્રી
ગાંધીનગર	40 ડિગ્રી
વિદ્યાનગર	40 ડિગ્રી
ભાવનગર	38 ડિગ્રી
કેશોદ	38 ડિગ્રી
ભાવનગરમાં	38 ડિગ્રી
નલિયા	35 ડિગ્રી
કંડલા પોર્ટ	37 ડિગ્રી
મહુવા	36 ડિગ્રી
સુરત	36 ડિગ્રી
દમણ	36 ડિગ્રી
પોરબંદર	35 ડિગ્રી

20 મેના રોજ ગુજરાતભરની દવાની દુકાનો બંધ પાળશે

ગેરકાયદેસર ઓનલાઇન દવાના વેચાણના વિરોધ

AIની મદદથી મૃત્યુ પામેલા ડોક્ટરોના પ્રિસ્ક્રિપ્શનનો ઉપયોગ

અમદાવાદ : ગેરકાયદે ઓનલાઈન દવાના વેચાણ સહિતની વિવિધ માંગણીઓને લઈ ઓલ ઈન્ડિયા એર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ દ્વારા દેશવ્યાપી બંધનું એલાન આપવામાં આવ્યું છે. જેના અનુસંધાને ગુજરાતમાં પણ 20 મેના રોજ દવાની દુકાનો બંધ રાખી વિરોધ નોંધાવવામાં આવશે.

આ અંગે ગુજરાત સ્ટેટ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસિએશનના પ્રમુખ જશવંતભાઈ પટેલે જણાવ્યું હતું કે હાલમાં ગેરકાયદે રીતે ઓનલાઈન દવાઓનું વેચાણ વધી રહ્યું છે, જેના કારણે દવા વ્યવસાય સાથે લોકોના આરોગ્ય પર પણ ગંભીર અસર પડી રહી છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના માધ્યમથી મૃત્યુ પામેલા ડોક્ટરોના પ્રિસ્ક્રિપ્શનનો ઉપયોગ કરીને ગેરકાયદે રીતે દવાઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ગર્ભપાત માટેની દવાઓનું પણ મોટા પાયે ઓનલાઈન વેચાણ થઈ રહ્યું છે.

એસોસિએશને ડુપ્લિકેટ દવાઓ બનાવનાર અને વેચનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ પણ ઉઠાવી છે.

આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખી દેશભરના દવા વેપારીઓએ 20મી મેના રોજ એક દિવસ માટે દુકાનો બંધ રાખવાનો નિર્ણય લીધો છે.

ગુજરાતમાં અંદાજે 35 હજારથી વધુ દવા વેપારીઓ અને દુકાનદારો 20 મેના રોજ પોતાની દુકાનો બંધ રાખી વિરોધ પ્રદર્શન કરશે. એસોસિએશનએ સરકાર દ્વારા ગેરકાયદે ઓનલાઈન દવા વેચાણ સામે તાત્કાલિક અને કડક પગલાં લેવામાં આવે તેવી મુખ્ય માંગ છે.

સુડોકુ - 'ક્રૂટિ' ૬૫૧૭

૬			૮	૧	૩		૪	૭
	૧	૪	૨		૬		૯	૮
		૮	૪			૧		
			૧	૪	૭			૫
૪		૯				૭		
૧	૬		૯	૮	૫			૨
	૪	૬	૫					૩
૫	૮		૭			૬	૧	૯
	૭	૧				૫		૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૨	૫	૭	૭	૬	૬	૭	૬
૭	૬	૬	૨	૬	૭	૨	૭	૫
૬	૭	૭	૬	૨	૫	૨	૭	૭
૨	૬	૨	૫	૬	૬	૬	૬	૬
૫	૫	૭	૭	૨	૬	૬	૨	૭
૬	૫	૬	૭	૭	૨	૭	૬	૨
૭	૨	૬	૬	૫	૨	૭	૬	૭
૭	૨	૨	૬	૬	૭	૫	૨	૬
૭	૨	૬	૬	૭	૭	૭	૫	૭

૭૬૫૬-ક્રૂટિ ક્રોડકિ

ભેસ્તાનમાં કામ કરતી વખતે ફોઈલ મશીનમાં દુપટ્ટો ફસાઈ જતા યુવતીનું મોત

સુરતઃ ભેસ્તાનમાં કામ કરતી વખતે ફોઈલ મશીનમાં દુપટ્ટો ફસાઈ જતા યુવતીનું મોત નિપજ્યું હતું. મૂળ બિહારના વતની મન્ટુ યાદવ હાલ શિવમ રો હાઉસમાં રહે છે અને સંચાખાતામાં નોકરી કરે છે. તેમની પુત્રી પુજાકુમારી પ્રમુખપાર્ક ગણેશ શેરીમાં આવેલ જયમાતાજી ક્રિએશન નામના સાડીના ખાતામાં નોકરી કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતી હતી. ગુરુવારે સવારે 11 વાગ્યે કામ કરતી વખતે સાડીના ફોઈલ મશીનમાં તેનો દુપટ્ટો ફસાઈ ગયો હતો. જેથી પુજાકુમારીને ગળાના ભાગે ફાંસો લાગી ગયો હતો. જેના કારણે તેનું મોત નિપજ્યું હતું.

સિંગણપોરના દંપતી સામે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ થયો

પ્રેમીએ કહી દીધુંઃ ' હું પત્નીને છોડવાનો નથી આપણી વચ્ચે જે થયું તે ભૂલી જા'

પ્રેમીની પત્નીએ કહ્યું 'તારે મરવું હોય તો મરી જા, મને કોઈ જ ફરક પડતો નથી.'

પ્રેમીએ પરિણીતાને લગ્નની લાલચ આપી સોનુ અને રોકડ પડાવી લીધી

સુરતઃ સિંગણપોરમાં લગ્નનો વાયદો કરી પરિણીતાને પ્રેમજાળમાં ફસાવ્યા બાદ યુવકે તેને અધવચ્ચે તરછોડી દીધી હતી. એટલું જ નહીં યુવકની પત્નીએ જાહેરમાં અપમાનિત કરતા તેણે આત્મહત્યા કરી લેતા યુવક અને તેની પત્ની સામે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો છે.

સિંગણપોર ગામના તળાવ ફળિયામાં રહેતા કેયુર સંજયભાઈ મોદીએ મૃતક મહિલાને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. તેણે તેને વિશ્વાસમાં લઈ તેના વિવિધ કોર્ટ કેસો પૂર્ણ કરવાના બહાને સોનાના દાગીના અને મોટી રકમ પડાવી લીધી હતી. એટલું જ નહીં, તેણે ખાતરી આપી હતી કે તે તેની પત્ની અનમોલને છૂટાછેડા આપી દેશે અને તેની પુત્રીને અપનાવી તેની સાથે નવું જીવન શરૂ કરશે. જો કે કેયુરના આ પ્રેમસંબંધની જાણ તેની પત્નીને થતાં મામલો બીચક્યો હતો. ગઈ તારીખ ૧૩ ફેબ્રુઆરીના રોજ જ્યારે પીડિત મહિલાની દીકરી હોસ્પિટલમાં જમવાનું આપવા ગઈ હતી, ત્યારે અનમોલ મોદીએ તેની સાથે જાહેરમાં મારઝૂડ કરી હતી. ત્યારબાદ બીજા દિવસે ગાર્ડનમાં મળવા બોલાવી ગાળો આપી ઉગ્ર ઝઘડો કર્યો હતો.

શબ્દગુંફન - ૭૨૧૫

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. એક પક્ષ કરતાં બીજાના મતની સંખ્યા વધુ હોવી તે (૪)
૪. ખાખરો, કેસુડો (૩)
૭. કિરતાર, ઇશ્વર (૩)
૮. ખેદાનમેદાન, ફના (૩)
૯. અતિશય, પુષ્કળ (૪)
૧૧. સંતોષ (૩)
૧૨. જંગલ (૨)
૧૩. લૂંટારાની ટોળીનો હલ્લો (૨)
૧૪. ઘાસ કાપવાનું ઓજાર (૪)
૧૬. તરંગી (૨)
૧૮. રસ્તો, વાટ, માર્ગ (૨)
૧૯.અંતઃકરણ, દિલ (૨)
૨૦. પ્રતિજ્ઞા (૨)
૨૧. અધીરાઈનું આકળાપણું (૪)
૨૩. ફળ કે ઝાડનાં થડનો ગર્ભ (૨)
૨૪. દૃષ્ટિ, જોવું તે (૩)
૨૬. રણ વગડામાં રહેઠાણ (૪)
૨૮. દરિયામાંથી મોતી કાઢનાર (૪)
૩૦. સોબત, સંગાથ (૪)
૩૧. ઝાંઝર, નેપુર (૩)

ઊભી ચાવી
૨. આજ્ઞા, આદેશ (૩)
૩. જમીન ખોદવાનું ઓજાર (૩)
૪. પારકા પૈસા (૪)
૫. એકી સાથે સો વાતો ઉપર ધ્યાન આપી શકનાર (૫)
૬. ઘોડી (૩)
૯. કાપડ વેચનારો (૨)
૧૦. ધન, પૈસો (૩)
૧૨. મોટું (૨)
૧૪. બળતરા, અગન (૨)
૧૫. ઘોડેસવાર પલટણ (૩)
૧૬. લહે, તરંગ (૨)
૧૭. આદમી (૨)
૧૮. રાજાને કરાતું સંબોધન (૩)
૧૯. અભિપ્રાય (૨)
૨૦. દરકાર, કાળજી (૩)
૨૧. પતિ (૨)
૨૨. રાંક, સાંકડા મનનું (૩)
૨૩. શિવનો સેવક સમુદાય (૨)
૨૫. શારીરિક ઇજા, ઘા (૩)
૨૬. દાણાદાર લોટ (૨)
૨૭. સોનેરી (૩)
૨૮. દર્હી (૨)
૨૯. મસાલામાં વપરાતું સોડમવાળું બી (૨)

૭૨૧૫ - અરવિંદ મકવાણા

મોદીની મુલાકાત હોવાથી સૌરાષ્ટ્ર પાર્લામેન્ટરી બોર્ડ બેઠક મોકૂફ

મેયર, જિલ્લા-તાલુકા પંચાયત પ્રમુખોની વરણી માટે હવે 12 મે બાદ નિર્ણયની શક્યતા

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મેયર, પ્રમુખ અને ઉપપ્રમુખ જેવા મહત્વપૂર્ણ હોદ્દાઓની વરણી માટે ભારતીય જનતા પાર્ટીએ કવાયત તેજ કરી છે. જોકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના 11 મેના ગુજરાત પ્રવાસને પગલે સૌરાષ્ટ્ર ઝોન માટે યોજાનારી ભાજપની પાર્લામેન્ટરી બોર્ડ બેઠક મોકૂફ રાખવામાં આવી છે. હવે આ બેઠક 12 મેના રોજ યોજાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદી 11 મેના રોજ વડોદરા અને સોમનાથ મંદિર ની મુલાકાતે આવી રહ્યા છે. જેના કારણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પ્રમુખો, મેયરો અને અન્ય હોદ્દેદારોની પસંદગી પ્રક્રિયામાં થોડો વિલંબ થવાની સંભાવના છે. પરિણામે મેયર, જિલ્લા પંચાયત પ્રમુખ અને તાલુકા પંચાયત પ્રમુખ સહિતના હોદ્દાઓ માટે હવે વધુ રાહ જોવી પડી શકે છે.

આ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને ભાજપની ચૂંટણી સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં આગામી ટર્મ માટેના સંભવિત નામો પર ચર્ચા અને મંથન કરવામાં આવ્યું હતું. પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના વરિષ્ઠ નેતાઓ બેઠકમાં હાજર રહ્યા હતા.

ભાજપ દ્વારા 1 થી 3 મે દરમિયાન વિવિધ ઝોનમાં નિરીક્ષકોની ટીમો મોકલવામાં આવી હતી. નિરીક્ષકોએ સ્થાનિક સ્તરે જઈ ચૂંટાયેલા સભ્યો અને કાર્યકરો સાથે ચર્ચા કરીને રજૂઆતો સાંભળી હતી. ત્યારબાદ ઝોનવાઈઝ સંકલન બેઠકો યોજી પ્રાથમિક રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. તાજેતરમાં ગાંધીનગરમાં મંત્રી નિવાસસ્થાને વિવિધ ઝોનની બેઠકો યોજાયા બાદ આજે પણ ચર્ચાનો દોર યથાવત રહ્યો હતો. નિરીક્ષકો દ્વારા સૂચવાયેલા નામો અને પેનલ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી રહી છે.

આ સમગ્ર પ્રક્રિયાના અંતે પ્રદેશ ભાજપની પાર્લામેન્ટરી બોર્ડ બેઠકમાં આખરી નિર્ણય લેવામાં આવશે. જેમાં વિવિધ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ઉપરાંત જિલ્લા અને તાલુકા પંચાયતોના પ્રમુખ અને ઉપપ્રમુખના નામો પર અંતિમ મહોર મારવામાં આવશે.હવે સૌની નજર ભાજપ નવા ચહેરાઓને તક આપે છે કે અનુભવી નેતાઓ પર ફરી વિશ્વાસ મૂકે છે તેના પર ટકેલી છે. સ્થાનિક સ્વરાજ્યની આ રાજકીય વરણીને ભાજપ માટે સત્તાના "સેમીફાઈનલ" તરીકે પણ જોવામાં આવી રહી છે.

યાર્ન તથા ફેબ્રિક્સના વેપારીને ચેક રિટર્નના નવ કેસમાં સજા

સુરતઃ યાર્ન તથા ફેબ્રિકસના વેપારી હિમાંશુ ચંદુલાલ શાહને ચેક રિટર્નની નવ ફરિયાદમાં દરેક કેસમાં કોર્ટે એક-એક વર્ષની સજા ફટકારી હતી. આ કેસમાં ચેકની કુલ રકમ રૂ.૭૦,૦૩,૪૩૩ ફરિયાદીને ચૂકવવા આરોપીને હુકમ કર્યો હતો. રીઘન ફેશન્સ પ્રા.લી.નાં ડિરેકટર દિનેશ જયરામદાસ ધનકાણી પાસેથી આરોપી હિમાંશુ ચંદુલાલ શાહએ યાર્ન તથા ફેબ્રિક્સનો માલ ખરીદ્યો હતો. જે માલની ચૂકવણી પેટે આરોપીએ રૂ.૭૦,૦૩,૪૩૩નાં ૧૩ ચેક આપ્યાં હતા. જે ચેકો રિટર્ન થતાં ફરિયાદીએ સુરતની કોર્ટમાં ૯ જુદી જુદી ફરીયાદ કરી હતી. આ તમામ કેસમાં